*(૧૦૦-/ના નોન જ્યુડિસિયલ સ્ટેમ્પ પેપર)*

**ગુજરાત રાજ્યમાં સૂર્યશક્તિ કિસાન યોજના (સ્કાય/SKY ) યોજના હેઠળ ખેડુતોને ગ્રીડ કનેકટેડ સૌર ઊર્જા સંચાલિત સિસ્ટમ ઉપલબ્ધ કરાવવાની યોજના બાબતે ત્રિપક્ષિય કરાર.**

ગુજરાત સરકારશ્રીના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક SLR/11/2016/2284/B1 તા: ૨૭/૦૬/૨૦૧૮(તેમજ વખતો વખતના સુધારા સહીત) થી રાજ્યના ખેડૂતોના લાભાર્થે, બિનપરંપરાગત ક્ષેત્રે ઉર્જા વપરાશ વધારવા, ઉત્તેજન આપવા અને ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી મળી રહે તે હેતુથી સૂર્યશક્તિ કિસાન યોજના (સ્કાય)/(SKY) જાહેર કરેલ છે. આ યોજના અંતર્ગત ખેડૂતો સૌર ઉર્જા ઉત્પાદિત કરી,પોતાના માટે વપરાશ કરી જે વીજળી બચે તે ગ્રીડમાં વેચી શકશે. આ ઉપરાંત ગ્રીડના સપોર્ટ સાથે દિવસ દરમિયાન આશરે બાર કલાક સુધી વીજ પુરવઠો મળી શકશે તેમજ વીજળી જ્યાં ઉત્પાદિત થાય ત્યાં જ ખેડૂત તેનો ઉપયોગ કરી શકશે. હવે પછી આ કરારમાં સૂર્યશક્તિ કિસાન યોજના (સ્કાય)/(SKY) ને "SKY યોજના" કે "યોજના" તરીકે ઉલ્લેખ કરવામાં આવશે.

આથી, સદર યોજનાની અમલવારી અંતર્ગત વીજ વિતરણ કંપની, ગ્રાહક (ખેડુત/લાભાર્થી) અને સોલાર એજન્સી દ્વારા અને વચ્ચે સૌર ઉર્જા સંચાલિત સિસ્ટમ સ્થાપિત કરવા, તેને લગતા સંલગ્ન કાર્યો માટે નીચે મુજબ"**ત્રિપક્ષીય કરાર**" કરવામાં આવે છે.

**<u>પ્રથમ પક્ષકાર</u>**

શ્રી/શ્રીમતી .......................................................................... ખેતી વિષયક વીજ ગ્રાહક, ઉંમર વર્ષ......... ખેતર સર્વેનં ............ગામ.................. તાલુકો ..................જિલ્લો .................ગ્રાહક નંબર ........................................... તથા કરારીત વીજભાર ..........................ની 'સ્કાય યોજના' માં જોડાવાની અરજી મંજુર કરવામાં આવેલ હોય જેમને હવે પછી આ કરાર માં "પ્રથમ પક્ષકાર" કે "ખેડુત" કે "લાભાર્થી" કે "ગ્રાહક" કે "અરજદાર" કે "સ્કાય-ગ્રાહક" એ રીતે સંબોધવામાં આવશે, જેના અર્થમાં તેમના વંશ ,વાલી ,વારસો ઇત્યાદિનો સમાવેશ થાય છે.

અને

**<u>બીજાપક્ષકાર</u>**

.....................ગુજરાત વીજ કંપની લીમીટેડ, કંપની ધારા ૧૯૫૬ હેઠળ નોંધાયેલ કંપની કે જેની રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ .................... મુકામે આવેલ છે જેમાં તેના વારસો અને અનુગામીઓનો સમાવેશ થાય છે. તેઓનુ પ્રતિનિધિત્વ ..................................પેટા વિભાગીય કચેરી દ્વારા કરવામાં આવશે. હવે પછી આ કરારમા "બીજા પક્ષકાર" કે "કંપની" કે "વીજ કંપની" કે "વીજ વિતરણ કંપની" કે "ડીસ્કોમ " એ રીતે સંબોધવામાં આવશે.

અને

**<u>ત્રીજાપક્ષકાર</u>**

મેસર્સ,.......................................................................................................................,
કંપની એકટ/પાર્ટનશીપએક્ટ/LLP હેઠળરજિસ્ટર્ડથયેલકંપની / ફર્મ છે જેનુ નોંધાયેલ સરનામુ...........................................................................................................છે. જેના વારસો અને અનુગામીઓનો સમાવેશ થયેલ છે તેવુ માની લેવાનુ છે. (જેમને હવે પછીઆ કરારમાં ત્રિજાપક્ષકાર "એજન્સી" કે "સોલાર એજન્સી" કે "એમપાનેલ્ડ એજન્સી" એ રીતે સંબોધવામાં આવશે)

આથી, અમો ઉપરોકત ત્રણેય પક્ષકારો વચ્ચે અરસ-પરસની સમજુતી મુજબ **તારીખ ...................... નારોજ ....................... મુકામે** કોઇપણ પ્રકારના દાબ, દબાણ કે ધમકીને વશ થયા વગર પુરા હોંશોહવાશમાં **<u>નીચે જણાવેલ શરતો મુજબ</u>** કરાર કરવામાં આવેછે.

1. આ યોજનાનું અમલીકરણ ..............................ગુજરાત વીજ કંપની દ્વારા કરવામાં આવશે.

2. સદર યોજના અંતર્ગત 11 કેવી .............................................ખેતીવિષયક ફીડર ઉપરના ખેતીવિષયક પ્રથમ પક્ષકાર વીજ ગ્રાહક શ્રી /શ્રીમતી .............................................................................................., ગ્રાહકનંબર....................................................,ગામ..........................................., ખેતર સર્વેનં ................. એ તારીખ...................................ના રોજ આ યોજનામાં જોડાવા નોંધણી કરાવેલ છે.

3. સદર યોજના અંતર્ગત 11 કેવી ................................ખેતી વિષયક ફીડર ઉપરના ખેતી વિષયક વીજ જોડાણો માટે સૌર ઊર્જા સંચાલિત સિસ્ટમ પુરી પાડવા મેસર્સ ...........................................................................એજન્સીને વીજ વિતરણ કંપની (બીજા પક્ષકાર) દ્વારા નક્કી કરવામાં આવેલ છે.

4. અરજદાર/ખેડુત (પ્રથમ પક્ષકાર) પોતાના માલિકીની ખેતીની જમીન ઉપર સોલાર સિસ્ટમ લગાવવા વીજ કંપનીને (બીજા પક્ષકારને) અરજી નોંધાવેલ છે તથા તે સાથે જરુરી દસ્તાવેજ અને

પુરાવા બિડેલ છે તથા આ અંતર્ગત પ્રથમ તબકકે રકમ રૂ.________________ રસીદ નંબર ........................................ તારીખ....................................થી ભરપાઈ કરેલ છે.

5. સૂર્યશક્તિ કિસાન યોજના અંતર્ગત વીજ કંપની (બીજા પક્ષકાર) દ્વારા લાભાર્થી ખેડૂત (પ્રથમ પક્ષકાર) દ્વારા કરેલ અરજી મુજબ, વીજ કંપનીના નિયમોનુસર અને યોજનાની શરતો મુજબ, ખેડૂતના કરારીત .............હો.પા. માટે મળવાપાત્ર તાંત્રિક રીતે નજીકની ઉપલબ્ધ ક્ષમતાના ઇનવર્ટર .................KWAC (Inverter) capacity/ ક્ષમતા અનુસાર ..................KWDC (PV Module) capacity/ ક્ષમતાની સૌર ફોટોવોલેટીક (SPV) સિસ્ટમ ખેડૂતના ખેતરમાં સ્થાપિત કરી આપવામાં આવશે.

6. <u>ગ્રાહક/ખેડૂત (પ્રથમ પક્ષકાર) ના હક્ક, કાર્યો અને જવાબદારીઓ:-</u>

a) સ્કાય ગ્રાહક જે સર્વે નંબર માં ખેતી વિષયક વીજ જોડાણ ધરાવતા હોય તેજ સર્વે નંબર માં સોલાર પીવી સિસ્ટમ લગાવવા ની રેહેશે અથવા વીજ ગ્રાહકની વિનંતી ને ધ્યાન માં લઈ, વોલ્ટેજ ડ્રોપ તેમજ કેબલ ની લંબાઈ ના કારણે થનાર વીજ વ્યય ની CUF પર થનાર અસર ને ધ્યાનમાં લઈ ગ્રાહક અને એજન્સી દ્વારા સંયુક્ત રીતે જે તે વીજ વિતરણ કંપનીની મંજૂરી લઈ, ગ્રાહકની માલિકીના એક જ શેઢે આવેલ બાજુના સર્વે નંબર માં શક્ય હશે તો સોલાર પીવી સિસ્ટમ લગાવી શકાશે. આ માટે જે તે વીજ વિતરણ કંપનીની મંજૂર મેળવીનેજ સોલાર એજન્સી સાથેના EOI ના ટેકનિકલ સ્પેસિફિકેસન અને સ્કોપ ઓફ વર્ક ને આધીન કાર્યવાહી કરવાની રહેશે.

b) જે તે SKY ફીડર માટે સંબંધિત ખેડૂતો દ્વારા ખેડૂતોની સંચાલન સમિતિની રચના કંપનીના પરિપત્ર નં. **જીયુવીએનએલ/ટેક/** સોલાર **સેલ/સ્કાય/૧૭૪૮ તારીખ : ૨૪ /૦૭ /૨૦૧૮** મુજબ કરવાની રહેશે. જો ફીડર ઉપરના ખેડૂતો ની સંખ્યા ૧૦૦ કે તેથી ઓછી હોય તો તે બધા ખેડૂતો વતી આ સમિતિમાં કુલ સભ્ય સંખ્યા ૫(પાંચ) થી ૭ (સાત) રાખવાની રહેશે. જો ફીડર ઉપરના ખેડૂતો ની સંખ્યા ૧૦૦ કે તેથી વધારે હોય તો તે બધા ખેડૂતો વતી આ સમિતિમાં કુલ સભ્ય સંખ્યા ૯ (નવ) થી ૧૧ (અગિયાર) રાખવાની રહેશે. સમિતિના પ્રમુખ આ યોજનાના અમલીકરણ માટે જેતે વીજ વિતરણ કંપની સાથે વ્યવહાર કરશે. આ સમિતિ માટે વીજ કંપની (બીજા **પક્ષકાર**) તરફથી નિયત કરેલ શરતો, નિયમો, જવાબદારીઓ, કાર્યો, વિગેરે ગ્રાહક (પ્રથમ પક્ષકાર) ને બંધન કર્તા રહેશે

c) સોલાર સિસ્ટમના ઉપકરણોની સાચવણી માટેની જવાબદારી ગ્રાહકની (પ્રથમ પક્ષકારની ) રહેશે.

d) સાત વર્ષ બાદ અને લોન પેટેની રકમ ભરપાઈ થયા બાદ સોલાર પ્લાન્ટની માલિકી અને સારસંભાળની જવાબદારી ગ્રાહક (પ્રથમ પક્ષકાર) ની રહેશે. જો સાત વર્ષ પૂર્ણ થયા બાદ લોન ભરપાઈ ન થાય તો સોલાર પ્લાન્ટની માલિકી ગ્રાહક (પ્રથમ પક્ષકાર)ની થશે નહિ પરંતુ સાર સંભાળની જવાબદારી સાત વર્ષ બાદ પ્રથમ પક્ષકારની રહેશે.

e) ગ્રાહકે એજન્સીને સોલાર સિસ્ટમ સ્થાપિત કરવા માટે જરૂરી માલ-સામાન મુકવા ખેતરમાં પ્રવેશ કરવા પરવાનગી તેમજ જરૂરી સાથ સહકાર આપવાનો રહેશે.

f) સોલાર સિસ્ટમમાં દેખીતી રીતે કોઈ ખામી/ક્ષતિ થવાના સંજોગોમાં ખેડૂત/લાભાર્થી (પ્રથમ પક્ષકાર) એ આ અંગેની ફરિયાદ એજન્સીને (ત્રીજા પક્ષકારને ) કરવાનીરહેશે.

g) જો કોઈ ખેડૂત વીજ જોડાણ એજ સર્વે નંબર માં અથવા પોતાની માલિકીના અન્ય સર્વે નંબરમાં માં ખસેડવા ઇચ્છે તો તે વીજ વિતરણ કંપનીના પ્રવર્તમાન નિયમ મુજબ કરી શકશે. નવી જગ્યા નું ફીડર SKY ફીડર હશે તો જ SKY યોજના નો લાભ મળી શકશે પરંતુ આવા કિસ્સાઓમાં સિસ્ટમ ની ગેરેન્ટી, મેંટેનન્સ અને વિમા ના લાભો મળવાપાત્ર રહેશે નહીં અને તેવા સંજોગોમાં સોલાર પીવી સિસ્ટમ ખસેડવા નો ખર્ચ ગ્રાહકે ભોગવવા નો રહેશે. વીજ જોડાણ SKY ફીડર સિવાય ના ખેતીવાડી ફીડરમાં ખસેડવાના કિસ્સામાં સોલાર સિસ્ટમની જે તે વખતે બાકી લેણી રહેતી રકમ ખેડૂત દ્વારા ભરપાઈ કરી દેવાની રહેશે અને વીજળી વેંચાણ કરી શકશે નહીં.

h) સિસ્ટમ કાર્યરત (commission) થયા પછીના સાત વર્ષ સુધીનાં વીમાનાં સમયગાળા દરમ્યાન સોલાર પીવી સિસ્ટમનાઉપકરણોને આગ અકસ્માત, ધરતીકંપ, વાવાઝોડું/વરસાદી તોફાન, પૂર, પાણી નો ભરાવો, કોમી હૂલ્લડ/તોફાન/હડતાળ થી થયેલ નુકશાન, જાણી જોઈને નુકશાન કરવાના અભિગમથી થયેલ નુકશાન અને ચોરી નાં કિસ્સામાં પ્રથમ પક્ષકારે ૨૪ કલાકના સમયમાં વીજ વિતરણ કંપની (બીજા પક્ષકાર) અને ત્રીજા પક્ષકારને જાણ કરવાની રહેશે.

7. <u>વીજ વિતરણ કંપની (બીજા પક્ષકાર) ના હક્ક, કાર્યો અને જવાબદારીઓ:-</u>

a) સદર સોલાર સિસ્ટમ અને તેને સંલગ્ન તમામ સાધનોની માલિકી SPV સિસ્ટમ કાર્યરત થયા બાદ પ્રથમ સાત વર્ષ સુધી વીજ વિતરણ કંપની (બીજા પક્ષકાર)ની રહેશે. પરંતુ લોન ભરપાઈ કરવાનો સમયગાળો ૭ વર્ષ પછી હશે તો તેવા સંજોગોમાં લોન ભરપાઈ થાય ત્યાં સુધી સોલાર સીસ્ટમ ની માલિકી વીજ વિતરણ કંપનીની રહેશે.

b) સોલાર એજન્સી (ત્રીજા પક્ષકાર) તરફથી જે તે ફીડરમાં તમામ સોલાર સિસ્ટમની સ્થાપનને લગતી કામગીરી પૂર્ણ થયાની સૂચના મળ્યા બાદ સદર ફીડરને દિવસ દરમ્યાન વીજ પુરવઠો આપવાનું શરૂ કરવા માટે વીજકંપનીની (બીજા પક્ષકારની) સંલગ્ન પેટા વિભાગીય કચેરીએ નજીકનો એક દિવસ નક્કી કરી સોલાર એજન્સી ને જાણ કરવાની રહેશે. જેથી કરીને બધા સોલાર ઇન્વર્ટરના કનેક્શનો સોલાર એજન્સી દ્વારા ગ્રીડસાથે જોડાણ (interconnect)કરી સોલાર એજન્સી (ત્રીજા પક્ષકાર) દ્વારા સોલાર સિસ્ટમને કાર્યરત કરવામાં આવશે.

c) સોલાર સિસ્ટમ કાર્યરત (commission) થયા પછીના સાત વર્ષ સુધીનો વીમો (સોલારપીવી સિસ્ટમનાઉપકરણોને આગ અકસ્માત, ધરતીકંપ, વાવાઝોડું/વરસાદી તોફાન, પૂર, પાણી નો ભરાવો, કોમી હૂલ્લડ/તોફાન/હડતાળ થી થયેલ નુકશાન,જાણી જોઈને નુકશાન કરવાના અભિગમથી થયેલ નુકશાન અને ચોરી) રાજ્ય સરકાર વતી વીજ વિતરણ કંપની (બીજા પક્ષકાર) દ્વારા લેવામાં આવશે.

d) જે તે 11 કે.વી. ફીડર ના સમારકામ ની જવાબદારી વીજ કંપનીની (બીજા પક્ષકાર) રહેશે.

e) વીજ વિતરણ કંપની(બીજા પક્ષકાર) દ્વારા સોલાર સિસ્ટમનાં ગ્રીડ સાથે જોડાણનો પોઈન્ટ, મીટરિંગ પોઈન્ટ નક્કી કરી આપવામાંઆવશે.

f) ઉપરોક્ત શરત ક્રમાંક (c) માં દર્શાવ્યા મુજબના સંજોગો ઉદભવ થવાની સ્થિતિમાં ગ્રાહકે(પ્રથમ પક્ષકારે) વીજકંપની (બીજા પક્ષકાર) ના સલગ્ન સબડિવિઝનને જાણ કર્યેથી વીજકંપનીએ (બીજા પક્ષકારે) નજીકના પોલિસ સ્ટેશનમાં ફરિયાદ/જાણવા જોગ નોંધ નોંધાવવાની રહેશે.

g) વીજ વિતરણ કંપની ( બીજા પક્ષકાર) આ સોલાર પ્લાન્ટમાંથી જે વીજ ઉત્પાદન થાય તેને વીજ વિતરણ કંપનીના આર.પી.ઓ.(Renewable Purchase Obligation ) હેઠળ ગણી શકશે.

8. **સોલાર એજન્સી (ત્રીજાપક્ષકાર) ના કાર્યો અને જવાબદારીઓ:-**

a) અરજદાર/ ખેડુત દ્વારા કરવામાં આવેલ સદર અરજીના આધારે અરજદારના ખેતરમાં સોલાર સિસ્ટમ સ્થાપિત કરવા માટે એજન્સી (ત્રીજાપક્ષકાર) દ્વારા સર્વેક્ષણ કરવામાં આવશે. સદર સર્વેક્ષણ તથા ખેડુતની જરુરિયાત મુજબ, એજન્સીએ સોલાર પ્લાન્ટ/ સિસ્ટમની ડીઝાઇન તૈયાર કરશે તથા અરજદારને યોજનાની સમજ આપશે અને તેની સંમતી પણ મેળવશે. આ યોજનાની ડીઝાઇન તેમજ અન્ય ટેકનિકલ કામગીરી માટે સોલાર એજન્સી (ત્રીજાપક્ષકાર) જવાબદાર રહેશે.

b) SPV સિસ્ટમની સારસંભાળ -મરામત વગેરેની તમામ જવાબદારી સિસ્ટમ કાર્યરત થયા બાદ સાત વર્ષ સુધી સોલાર એજન્સી (ત્રીજાપક્ષકાર) નીરહેશે.

c) વીજ વિતરણ કંપની (બીજા પક્ષકાર) તરફથી ત્રીજા પક્ષકારને મળેલ આ કામના LOA (Letter of Acceptance) ક્રમાંક ........................................................ તારીખ......................... અને ઓર્ડર ક્રમાંક............................................................. તારીખ.................ની બધી જ શરતો આ કરાર નો ભાગ ગણાશે અને તે મુજબ સોલાર સિસ્ટમ સ્થાપિત, સંચાલન અને નિભાવ કરવાની રહેશે.

d) સદર કામગીરી માટે એજન્સીને વીજ કંપની તરફથી આપવામાં આવેલ ઓર્ડર માં જણાવ્યા અનુસાર સંલગ્ન ફીડર ઉપરના સ્કાય યોજના અંતર્ગત આવતા અરજદારોની સંખ્યા મુજબ લાગુ પડતી સમય મર્યાદામાં એજન્સીએ (ત્રીજાપક્ષકારે) તમામ સોલાર સિસ્ટમની સ્થાપનને લગતી કામગીરી ઓર્ડરની શરતો મુજબ પુર્ણ કરવાની રહેશે.

e) એજન્સીએ સંલગ્ન ફીડરમાં ઓર્ડર મુજબના સોલાર પાવર સિસ્ટમની સ્થાપના થયા પછી અને ઓટોમેટિક મીટરિંગ સિસ્ટમના બધા મીટરોના કનેકશન થયે વીજ કંપનીની પેટાવિભાગીય કચેરીને (બીજા પક્ષકારને) જાણ કરવાની રહેશે. સંલગ્ન પેટાવિભાગીય કચેરીએ નક્કી કરેલ દિવસે, એજન્સી(ત્રીજાપક્ષકાર) દ્વારા બધા સોલાર ઇન્વર્ટરના કનેક્શનો ગ્રીડ સાથે જોડાણ (interconnect) કરી સોલાર સિસ્ટમ કાર્યરત કરવાની રહેશે. આ દિવસથી સોલાર સીસ્ટમ કાર્યરત થયેલ ગણાશે.

f) સદર યોજના મુજબ સંપૂર્ણ સોલાર સિસ્ટમ કાર્યરત (commission)ના થાય ત્યાં સુધીનો વીમો (insurance for freight, transit, storage, accident theft, damage etc) ઓર્ડરની શરતો મુજબ એજન્સીએ (ત્રીજાપક્ષકારે) લેવાનો રહેશે. તેના પ્રિમીયમ ચુકવણી વિગેરે શરતો અંગેની જવાબદારી પણ ત્રીજા પક્ષકારની રહેશે.

g) એજન્સીએ (ત્રીજાપક્ષકારે) સોલાર સિસ્ટમ કાર્યરત થયાના સાત વર્ષ સુધીમાં, સોલાર પીવી સિસ્ટમની ચોરી, આકસ્મિક નુકસાની, આગ અથવા કુદરતી આફતોથી થયેલ નુકસાનીના કિસ્સામાં તાત્કાલિક સમારકામ કરી જરૂરી ઉપકરણો બદલાવી ૪૮ કલાકમાં સોલાર સિસ્ટમ ઓર્ડરમાં દર્શાવેલ શરતોને આધીન ચાલુ કરી આપવાની રહેશે. જો નિયત સમય મર્યાદામાં

સોલાર સિસ્ટમ કાર્યરતના થાય તો બીજા પક્ષકાર ત્રીજા પક્ષકાર પાસેથી તેમણે આપેલ આ કામના ઓર્ડર ન. ______________________________
તારીખ ____________ ની શરતો પ્રમાણે દંડ વસૂલ કરશે અને નિયમોનુસર કાર્યવાહી કરશે. આવા કિસ્સામાં એજન્સી દ્વારા કરવામાં આવેલ સમારકામ /ઉપકરણો બદલાવવાની કામગીરી અંગેનું ચૂકવણું વીમાકંપની પાસેથી દાવાની રકમ વીમાકંપનીથી મળ્યે એજન્સીને ચૂકવવામાં આવશે.

h) એજન્સી (ત્રીજાપક્ષકારે) દ્વારા જે સોલાર સિસ્ટમ તેમને મળેલ ઉપરોક્ત ઓર્ડરની શરતો, તાંત્રિક વિગતો અને જોગવાઇઓ મુજબનીજ સ્થાપિત કરવાની રહેશે અને ૭ (સાત) વર્ષ સુધી Comprehensive Maintenance મુજબ સમારકામ અને ગેરંટી તેમજ વોરંટી મુજબ કામ કરવાનું રહેશે.

i) સાત વર્ષની ગેરંટી પીરીયડ દરમ્યાન સોલાર સિસ્ટમના ઉપકરણોની સાર-સંભાળ, નિભાવ અને કાર્યરત રાખવાની જવાબદારી એજન્સીએ (ત્રીજાપક્ષકારની )પોતાના ખર્ચે કરવાની રહેશે.

j) સોલાર એજન્સીએ (ત્રીજાપક્ષકારે)સોલાર પીવી સિસ્ટમ કાર્યરત રહે તેનું સતત મોનિટરિંગ કરવાનું રહેશે અને ૭ વર્ષની ગેરંટીના સમયગાળામાં બિનકાર્યરત કે બિનકાર્યક્ષમ ઉપકરણ/ ભાગને ૪૮ (અડતાળીસ) કલાકની સમયમર્યાદામાં વિનામુલ્યે દુરસ્ત/ બદલી આપવાનો રહેશે. સોલાર સિસ્ટમમાં કોઈખામી/ક્ષતિથવાના સંજોગોમાં કે ખેડૂત/લાભાર્થી (પ્રથમ પક્ષકારે) તરફથી આ અંગેની ફરિયાદ મળ્યે એજન્સી (ત્રીજાપક્ષકાર) દ્વારા આવી ફરિયાદોનું નિવારણ ૪૮ (અડતાળીસ) કલાકની સમયમર્યાદામાં કરવાનું રહેશે. આ નિયત સમય મર્યાદામાં ફરિયાદનું નિવારણ નહીં કરવાથી ખેડૂતને થયેલ વીજ ઉત્પાદનના નુકસાનના વળતરપેટે પ્રતિયુનિટ રૂ. ૭ (સાત) + લાગુ પડતાં જીએસટીના દરે એજન્સીએ (ત્રીજાપક્ષકારે) વીજકંપની (બીજા પક્ષકાર)ને ચુકવવાના રહેશે. આ રકમ ત્રીજા પક્ષકાર પાસેથી મળ્યેથી વર્ષાન્તે ખેતીવાડી ગ્રાહકને વળતર તરીકે સરભર કરવામાં આવશે. આવા સંજોગોમાં વીજ ઉત્પાદનના નુકસાનનો અંદાજ આજુબાજુના દસ (૧૦) સોલાર પ્લાન્ટ દ્વારા થયેલ વીજ ઉત્પાદન અથવા તો નજીકના હવામાન મથક પરથી મળેલ વિગતોના આધારે કરવામાંઆવશે. જ્યાં સુધી વળતરની રકમ ત્રીજા પક્ષકાર તરફથી બીજા પક્ષકારને નહિ મળે ત્યાં સુધી પ્રથમ પક્ષકાર બીજા પક્ષકાર પાસેથી વળતર માંગવા હકદાર રહેશે નહિ.

k) સોલાર એજન્સીએ (ત્રીજાપક્ષકારે) પીવી સિસ્ટમ ને ગ્રીડ સાથે જોડતા પહેલા કાયદાકીય રીતે જરૂરી બધીજ મંજૂરીઓ અને તેનું રેન્યુંઅલ (all statutory approvals and clearances related to environmental and grid connection related) મેળવી લેવાની જવાબદારી રહેશે અને તેની ખાત્રી કરી લેવાની રહેશે.

## 9. ટેકનિકલ અને ઇન્ટર કનેક્સન જરૂરિયાત: (Technical & Interconnection Requirements)

a) વીજ વિતરણ કંપની (બીજા પક્ષકાર) દ્વારા ગ્રાહક (પ્રથમ પક્ષકાર) ને કરાર તેમજ યોજનાની શરતો મુજબ અને લાગુ પડતાં નીતિ- નિયમો, ધારા-ધોરણો, શરતો (સમયાંતરના સુધારા સાથે) મુજબ સોલાર પીવી સિસ્ટમથી ઉત્પન્ન થયેલ વધારાની વીજળીને ગ્રીડમાં આપવા માટે ગ્રીડ કનેક્ટિવિટી (connectivity-સોલાર સિસ્ટમ નું ગ્રીડ સાથે જોડાણ) આપવા માટે, નીચે મુજબના ઠરાવ, નીતિ-નિયમો, મુજબ રહેશે.

i. GoG Resolution No. SLR/2016/2284/B1 dated 27.06.2018

ii. Central Electricity Authority ( Measures relating to Safety and Electric Supply) Regulation-૨૦૧૦
iii. Central Electricity Authority (ગ્રીડ કનેક્ટિવિટી માટેના ટેકનિકલ માપદંડો) ને લગતા નિયમો -૨૦૦૭ Central Electricity Authority (મીટરના ઓપરેશન અને સ્થાપન) ને લગતા નિયમો -૨૦૦૬
iv. Gujarat Electricity Regulatory Commission (Electric Supply code & Related Matters) નિયમો-૨૦૧૫
v. Gujarat Electricity Regulatory Commission (ડિસ્ટ્રિબ્યૂશન કોડ), ૨૦૦૪.
vi. ચીફ ઇલેક્ટ્રિકલ ઈન્સ્પેકટર તરફથી સમયાંતરે જારી કરવામાં આવતા સૂચનો, નિર્દેશો અને પરીપત્રો.
vii. CEA (Technical Standards for Connectivity of the Distributed Generation) Regulation, 2013 અને સમયાંતરે જારી કરવામાં આવેલ સુધારા સાથે.
viii. પરિપત્ર નં .જીયુવીએનએલ /ટેક /સોલારસેલ /સ્કાય /1748/તારીખ ૨૪/૦૭/૨૦૧૮, પરિપત્રનં .જીયુવીએનએલ /ટેક/ સોલારસેલ /સ્કાય /1948/તારીખ ૧૮/૦૮/૨૦૧૮, ત્યારબાદની સૂચના, નિયમો, જીઆર અને સુધારા સાથે.

b) યોજના અંતર્ગત સ્થાપિત કરવામાં આવનાર સોલાર પાવર પ્લાન્ટ, લાગુ પડતાં રેગ્યુંલેશન (સમયાંતરના સુધારા સાથેના) ની જોગવાઇઓ અને જરૂરિયાતો મુજબના અને તેનું પાલન કરતો હોવો જોઇએ.

c) એજન્સી દ્વારા લગાડેલ આઇસોલેસન માટેના ઉપકરણોના (ઓટોમેટિક અને ઇનવર્ટરમાં સમાવિષ્ટ અને લાગુ પડતાં બહારના મેન્યુઅલ રીલે) નાં જરૂરીયાત મુજબનું સમારકામ, જાળવણી અને સંચાલન વીજ વિતરણ કંપનીની જરૂરીયાત મુજબ થાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે અને વીજ વિતરણ કંપની તે માટે હક્ક-પ્રવેશ કરી શકશે.

d) જ્યારે વીજ ગ્રીડની ઉપલબ્ધતા ન હોય ત્યારે સોલાર ફોટોવોલેટિક સિસ્ટમ આપોઆપ ગ્રીડથી આઇસોલેટ થઈ જવી જોઈએ અને સોલાર સિસ્ટમનો પાવર વીજ વિતરણ કંપનીના વીજ પરિપથ (network)માં ન જવો જોઈએ. આ સમયે ગ્રાહક તેનો મોટર-પંપસેટ વાપરી શકશે નહીં.

e) પ્લાન્ટના સંચાલન અને નિભાવ, ડ્રોઈંગ અને ડાયાગ્રામ, સાઇટ જવાબદારી માટેના સૂચિ, હાર્મોનિક્સ, સિંક્રોનાઇજેસન, વૉલ્ટેજ, ફ્રીક્વંસી, ફ્લિકર વિગેરેની બાબત અંગેના CEAના સંબંધિત Regulation મુજબના માપદંડો અનુસરવાના રહેશે.

f) વીજ ગ્રીડની ઉપલબ્ધતા નહોય ત્યારે સોલાર પ્લાન્ટના બેકફિડિંગના કારણે થતાં કોઈપણ અકસ્માત (જેવાકે માનવ /પ્રાણી, પ્રાણઘાતક/બિનપ્રાણઘાતક, ખાતાકીય/ બિનખાતાકીય) ના કિસ્સામાં ચીફ ઈલેક્ટ્રીકલ ઇન્સ્પેકટર દ્વારા નક્કી કર્યા મુજબ જવાબદાર રહેશે. આવા તાકીદના કિસ્સામાં વીજ વિતરણ કંપનીને અકસ્માત રોકવા કે માનવ અને મટિરિયલને થતાં નુકશાનને અટકાવવા માટે ગ્રાહકનું વીજસ્થાપન કાપવાનો હક્ક રહેશે.

g) વીજ વિતરણ કંપની સલામત અને વિશ્વસનીય વીજ વિતરણ સિસ્ટ્મ જાળવી રાખવાની પોતાની જવાબદારી નિભાવી શકે તે માટે જો તે નકકી કરે કે સોલાર ફોટૉવોલેટિક પ્લાંટના કારણે કંપનીની મિલ્કતને કે બીજા ગ્રાહ્કોને નુકસાન કે નકારાત્મક અસર થાય છે તો વીજ વિતરણ કંપનીના નિર્દેશ મુજબ સોલાર ફોટોવોલટિક પ્લાંટનું તાત્કાલિક ગ્રીડમાથી જોડાણ દૂર કરી

(disconnect) નાખવાનો રહેશે. જરૂરી સમારકામ કરાવ્યા બાદ અને વીજ વિતરણ કંપનીને સંતોષ થયા બાદ જ પુન:જોડાણ થઈ શકશે.

**ઉપર મુજબના શરતો (9a થી 9g) નું પાલન કરવાની જવાબદારી એસપીવી સિસ્ટમ કાર્યન્વિત થયાની તારીખથી (from** date of commissioning) **પ્રથમ સાત વર્ષ માટે આ કરારની જોગવાઈઓ મુજબ એસપીવી એમપાનેલ્ડ એજન્સી કે જેણે એસપીવી સિસ્ટમનું સ્થાપન કર્યું હશે તેની રહેશે અને આ શરતોના પાલન બાબતે ગ્રાહકે સહકાર આપવાનો રહેશે. સાત વર્ષ પુર્ણ થયા બાદ જ્યારે એસપીવી સિસ્ટમની માલિકી ગ્રાહકની (પ્રથમ પક્ષકારની ) થશે ત્યારે ઉપર મુજબની શરતો પાલન કરવાની જવાબદારી ગ્રાહકની (પ્રથમ પક્ષકારની ) રહેશે.**

10. <u>અન્ય શરતો :-</u>

a) સદર યોજનાની અમલવારી અંતર્ગત પ્રથમ પક્ષકાર (ગ્રાહક ખેડુત) અને બીજા પક્ષકાર (વીજ વિતરણ કંપની)વચ્ચે સૌર ઉર્જા સંચાલિત સિસ્ટમના ગ્રીડ જોડાણ બાબતે "દ્વિપક્ષિય કરાર" અલગથી કરવામાં આવેલ છે. જેની બધીજ શરતો પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકાર ને માન્ય અને બંધનકર્તા રહેશે.

b) કાર્યરત તારીખ (Date of Commissioning) :- સોલાર એજેન્સી દ્વારા જે તે ફીડર પરના બધા સ્કાય ગ્રાહકોના સોલાર ઇન્વર્ટરના કનેક્શનો ગ્રીડ સાથે જોડાણ (interconnect) કરી સોલાર સિસ્ટમો કાર્યરત થાય તે દિવસથી આ સોલાર સીસ્ટમ કાર્યરત થયેલ ગણાશે.

c) આ કરારની અમલવારી પક્ષકારો દ્વારા સહી કર્યાના દિવસ થી ગણાશે.

d) આ કરાર કાર્યરત તારીખ (date of commissioning)થી સાતવર્ષના સમયગાળા સુધી અમલમાં રહેશે. આ ત્રિપક્ષીય કરાર ના સાત વર્ષના સમયગાળા દરમિયાન પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકાર વચ્ચે અલગથી કરવામાં આવેલ ગ્રીડ જોડાણ બાબતે "દ્વિપક્ષિય કરાર" જો ગ્રાહક દ્વારા રદ કરાવવામાં આવે તો તે રદ થયાની તારીખ થી આ ત્રિપક્ષીય કરાર પણ રદ બાતલ ગણવાનો રહેશે.

e) સોલાર ફોટોવોલ્ટેક પ્લાન્ટના જોડાણ અને સંચાલનમાં બેદરકારી અથવા ઇરાદાપૂર્વકની નુકસાની અથવા પ્રતિકૂળ અસરો માટે વીજ વિતરણ કંપનીને ( બીજા પક્ષકારને) નુકસાન માટે પ્રથમ સાત વર્ષ દરમિયાન સોલાર એજન્સી ( ત્રીજા પક્ષકાર) જવાબદાર રહેશે અને સાત વર્ષ પુર્ણ થયા બાદ ગ્રાહક (પ્રથમપક્ષકાર) જવાબદાર રહેશે.

f) આ યોજના હેઠળ ખેડુતના પાક પ્રાણી તથા કોઇ વ્યક્તિને સદર સોલાર ,સિસ્ટમથી કે તેના કારણોસર થનાર નુકશાની કે અકસ્માત પેટે કોઇપણ પ્રકારનું વળતર બીજા પક્ષકાર(વીજ કંપની) તરફથી મળવા પાત્ર રહેશે નહિ .

g) કોઈપણ સંજોગોમાં ગ્રીડની ઉપલબ્ધતા ન હોય અને તેને લઈને સોલાર પ્લાન્ટમાંથી વીજ ઉત્પાદન ન થાઇ અથવા અન્ય કોઈ કારણોસર વીજ ઉત્પાદન ન થઇ શકે અને તે માટે ત્રીજા પક્ષકાર જવાબદાર ન હોય તેવા સંજોગોમાં ગ્રાહક(પ્રથમ પક્ષકાર) ઉત્પાદન-ખોટના કારણે થતાં નુકશાનના પેટે વળતર માટે વીજ વિતરણ કંપની (બીજા પક્ષકાર) સામે માંગ / દાવો કરી શકશે નહીં. સાત વર્ષનો સમયગાળો પૂર્ણ થયા બાદ કોઈપણ કારણોસર વીજ ઉત્પાદન ન થઈ શકે અથવા ઓછુ થાય તે બાબતે ઉત્પાદન-ખોટના કારણે થતાં નુકશાનના પેટે વળતર

માટે ગ્રાહક (પ્રથમ પક્ષકાર) વીજ વિતરણ કંપની (બીજા પક્ષકાર) સામે માંગ / દાવો કરી શકશે નહીં.

h) એજન્સીએ (ત્રીજાપક્ષકારે) સોલાર સિસ્ટમ નીક્ષમતાના વાર્ષિક ૧૮.૩% CUF (કેપેસિટી યુટીલાઇજેશન ફેક્ટર) મુજબ વીજ ઉત્પાદન થશે તે અંગેની ખાતરી આપેલ છે. CUF ની ગણતરી જે તે વીજ ફીડરની વાસ્તવિક ઉપલબ્ધતા ૯૦ %થી ૧૦૦% વચ્ચે હોય એ કિસ્સા માં CUF ની ગણતરી ૯૦% ફીડરની ઉપલબ્ધતા પ્રમાણે ગણવાનો રહેશે. જે કિસ્સામાં વીજ ફીડરની ઉપલબદ્ધતા ૯૦ % થી ઓછી હશે તેવા કિસ્સામાં એજન્સીને(ત્રીજાપક્ષકારને) દંડ કરવામાં આવશે નહીં અને ખેડૂત(પ્રથમ પક્ષકાર) આ અંગે કોઈ વળતર મેળવવા હકદાર થશે નહીં. સાત વર્ષ સુધી CUF ની ગણતરી વાર્ષિક ધોરણે કરવામાંઆવશે.

જે કિસ્સામાં વીજ ઉત્પાદન આજુબાજુના દસ (૧૦) સોલાર સિસ્ટમના સરેરાસ વીજ ઉત્પાદનની સાપેક્ષમાં ઓછુ અથવા બાંહેધરીકૃત ૧૮.૩%CUF (કેપેસિટી યુટીલાઇજેશન ફેક્ટર)મુજબના વીજ ઉત્પાદન કરતાં ઓછું હોય તે પૈકી જે વધારે હોય, તે મુજબ ઘટની ગણતરી કરી તેના વળતર રૂપે પ્રતિ યુનિટ રૂા. ૭ (સાત) + લાગુ પડતાં જીએસટી ના દરે એજન્સીએ (ત્રીજાપક્ષકારે) વીજ કંપનીને (બીજા પક્ષકારને )ચુકવવાનારહેશે. આ રકમ મળ્યે વર્ષાન્તે ખેતીવાડી ગ્રાહકને (પ્રથમ પક્ષકારને )વળતર તરીકે સરભર કરવામાં આવશે.

સોલાર સિસ્ટમ કાર્યરત થયા બાદના સાત (૭) વર્ષ સુધી બાંહેધરી કૃત CUF માં પ્રતિ વર્ષ ૧% અવનતિ (degradation) માન્ય ગણવામાં આવશે. CUF ની મહતમ વાર્ષિક મર્યાદા ૨૦% સુધી રહેશે.

i) સોલાર પીવી સિસ્ટમના ઉપકરણોને આગ અકસ્માત, ધરતીકંપ, વાવાઝોડું/વરસાદી તોફાન, પૂર, પાણીનો ભરાવો, કોમી હૂલ્લડ/તોફાન/હડતાળ થી થયેલ નુકશાન,જાણી જોઈને નુકશાન કરવાના અભિગમથી થયેલ નુકશાન અને ચોરી થવાની સ્થિતિમાં ગ્રાહકે (પ્રથમ પક્ષકારે) ચોરીની બાબતે વિના વિલંબે ૭૨ કલાકના સમયમાં નજીકના પોલિસસ્ટેશનમાં ફરિયાદ/જાણવા જોગ નોંધ કરાવવાની રહેશે તેમજ વીજકંપનીના (બીજાપક્ષકારના) સલગ્ન સબડિવિઝનને વિના વિલંબે જાણ કરવાની રહેશે અને એજન્સીને (ત્રીજાપક્ષકારને) પણ જાણકરવાનીરહેશે.

રૂ. ૨,૦૦,૦૦૦/- સુધીના દાવા માટે પોલીસ સ્ટેશનમાં ‘જાણવાજોગ’ નોંધ આપવાની રહેશે. અને જો એક દાવાની રકમ રૂ. ૨,૦૦,૦૦૦/-થી વધારે હોય તો માટે પોલીસ સ્ટેશનમાં FIR નોંધાવવી જરૂરી છે. કોઈપણ પક્ષકાર FIR કરી શકશે.

j) આ કરારની લાગુ પડતી તમામ શરતોના અર્થઘટન માટે EOI (એક્ષપ્રેશન ઓફ ઇન્ટરેસ્ટ) અને ત્રીજાપક્ષકારને બીજા પક્ષકાર તરફથી મળેલ ઓર્ડર ના અંગ્રેજી દસ્તાવેજને માન્ય ગણવામાં આવશે.

k) સદર કરારના અમલ દરમ્યાન ઉદ્દભવતી કોઇ મુશ્કેલી/ વિવાદ નો નિવેડો સદર કરાર અને તે શરતો મુજબ તમામ પક્ષકારોને બંધનકર્તા રહેશે.

l) **વિવાદ નિવારણ**: આ કરારથી ઉપસ્થિત થતા તમામ વિવાદોનું પક્ષકારોએ પોતાની વિવેક બુધ્ધિથી અને સામાજિક હિત જળવાઇ રહે તે રીતે વાટાઘાટોથી આંતરિક સમજૂતી દ્વારા નિવારણ કરવાનું રહેશે. જો સદર વિવાદોનું નિવારણ આંતરિક સમજૂતી દ્વારા ન થાય તો અસરકર્તા પક્ષકાર દ્વારા સદર વિવાદને સક્ષમ ફોરમ (કે જેને સદર વિવાદનું નિરાકરણ કરવાની કાયદા હેઠળ સત્તા હોય તે ફોરમ) સમક્ષ વિવાદનું નિરાકરણ લાવવાનું રહેશે.

ઉપરોકત કરારની તમામ શરતો ત્રણેય પક્ષકારોએ વાંચી/વંચાવી, સમજી, વિચારી, અક્કલ હોશીયારીથી લખી આપેલ છે જે તમામ પક્ષકારોને બંધનકર્તા રહેશે અને આ શરતોના સ્વીકાર બદલ ત્રણેય પક્ષકારો દ્વારા સદર કરાર ઉપર સહી કરવામાં આવે છે.

તારીખ.................................. :                                        સ્થળ....................................:

| | |
|---|---|
| ૧. પ્રથમ પક્ષકાર (ગ્રાહક ખેડૂત )<br><br>સહી<br><br>શ્રી /શ્રીમતી ________________________________<br>સરનામું ____________________________________ | સાક્ષી<br><br>સહી<br>નામ શ્રી/શ્રીમતી...........................<br>હોદો ..............,<br>સરનામું,________________________ ,<br>સહી<br>નામ શ્રી/શ્રીમતી...........................<br>હોદો ..............,<br>સરનામું,________________________, |
| ૨. (બીજા પક્ષકાર)................વીજ વિતરણ કંપની વતી<br><br>સહી<br><br>નામ શ્રી/શ્રીમતી.................................................<br>હોદો,<br>સરનામું,________________________ ,<br><br>સિક્કો | સાક્ષી.<br>સહી<br>નામ<br>શ્રી /શ્રીમતી.............................<br>સરનામું ________________________,<br><br>સહી<br>નામ શ્રી /શ્રીમતી..........................<br>હોદો ..............,<br>સરનામું,________________________, |
| ૩. ત્રીજા પક્ષકાર (સોલાર એજન્સી)<br>મે.______________________________________વતી<br>(authorized sign)સહી<br><br>નામશ્રી ________________________<br>સરનામું __________________________<br><br>સિક્કો | સાક્ષી.<br>સહી<br>નામ શ્રી /શ્રીમતી....................<br>સરનામું ________________________,<br><br>સહી<br>નામ શ્રી/શ્રીમતી.............................<br>હોદો ..............,<br>સરનામું,________________________, |